Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ



આત્મ સંવત : ૮૮

વીર સંવત : ૨૫૦૯

વિક્રમ સંવત : ૨૦૪૦

પુસ્તક : ૮૧

સને : નવે. ૧૯૮૩ થી ઓક્ટો. ૧૯૮૪

શ્રી જૈન આત્માનંદ સભા
ખારગેઈટ, ભાવનગર - ૩૬૪૦૦૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ



આત્મ સં. ૮૮ (ચાલુ) વીર સં. ૨૫૦૯
વિક્રમ સંવત ૨૦૪૦ કારતક

## પદ ૧૦૮

લેખક : પરમ પૂજ્ય આનંદઘનજી મહારાજ સાહેબ

અવધૂ વૈરાગ્ય બેટા જાયા, વાને ખોજ કુટુંબ સબ ખાયા,
જેણે માયા મમતા ખાઈ, સુખ દુઃખ દોનો ભાઈ;
કામ-ક્રોધ દોનો ખાઈ, ખાઇ તૃષ્ણા બાઇ. અવધૂ૦ (૧)

ભોળા ભાઇ! વૈરાગ્ય નામનો દીકરો થયો. તેણે શોધી શોધીને આખું કુટુંબ હડપ કર્યું. એણે માયા અને મમતા ખાધી. તેણે સુખ અને દુઃખ નામના બન્ને ભાઇઓને ખાધા, તેણે કામ ક્રોધ બન્ને ખાધા અને તૃષ્ણા બાઇને પણ ખાધી.

દુર્મતિ દાદી મત્સર દાદા, મુખ દેખત હી મૂઆ;
મંગળરૂપી વધાઇ વાંચી, એ જબ બેટા હુવા. અવધૂ૦ (૨)

દુર્મતિ નામની મોટીમા, અને મત્સર નામનો દાદો એ છોકરાનું મુખ જોતાંજ મરી ગયાં. એ બેટાનો જ્યારે જન્મ થયો ત્યાર અતિ કલ્યાણકારી હકીકત તરીકે એની વધાવણી બોલાણી.

પુણ્ય-પાપ પાડોશી ખાયે, માન-કામ દોઉ મામા;
મોહનગર કા રાજા ખાયા, પીછે હી પ્રેમ તે ગામા. અવધૂ૦ (૩)

( અનુસંધાન ટાઇટલ પેજ ૨ ઉપર )

પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર

પુસ્તક : ૮૧ ] નવેમ્બર : ૧૯૮૩ [ અંક : ૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અ નુ ક્ર મ ણિ કા


| ક્રમ | લેખ | લેખક | પુષ્ટ |
|---|---|---|---|
| (૧) | ભાવવાદી સ્તુતિઓ | સં. મુનિશ્રી રવિન્દ્રસાગરજી મ. | ૧ |
| (૨) | નૂતન વર્ષના મંગલ પ્રભાતે | — | ૨ |
| (૩) | જૈન સ્તોત્રોમાં નવધા ભક્તિ | ધરમચંદ જૈન | ૫ |
| (૪) | દભ એક ગ્રથી છે. | પં. પ્રવરશ્રી ભદ્રગુપ્તવિજયજી ગણિવર | ૮ |
| (૫) | આરામ શોભા | વ્ય. પ. પૂ. આ. શ્રી વિજયનયપ્રભ સૂરિજી મહારાજ સાહેબ | ૯ |
| (૬) | સારા રાજમાં રહેવાનું | પ્ર. પ્રવરશ્રી ભદ્રગુપ્તવિજયજી ગણિવર | ૧૪ |
| (૭) | સુરસુંદરી | લે. પ. પૂ. આ.શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મ શા ના શિષ્ય મુનિશ્રી દાનવિજયજી મ. | ૧૫ |


## આ....ભા....ર

શ્રી ઊંઝા ફાર્મસી લિમિટેડના માલીક સ્વ. શેઠશ્રી ભોગીલાલ નગીનદાસભાઇ તરફથી ઘણા વર્ષોથી પંચાંગ ભેટ મોકલવામાં આવે છે. આ વર્ષે પણ સવત ૨૦૪૦ની સલના **કાર્તિકી જૈન પંચાંગ સભાના બંધુઓને** ભેટ આપવા મોકલેલ છે. તે માટે અમો આભાર **વ્યક્ત કરીએ છીએ.**

(અનુસધાન ટાઈટલ પેજ ૧ નું ચાલુ)

શુભ-અશુભ **કર્મોના** ફળ આપનારા પુણ્ય અને પાપ નામના પાડોશી હતા, તે તેણે ખાધા. અભિમાન અને કામરૂપ તેના મામા હતા, તેને ખલાસ કર્યા. એણે મોહનગરના મહારાજાને પૂરો કર્યો. પછી પ્રેમ-રાગ હતો તેને પણ ગુમાવ્યો.

**ભાવ નામ ધર્યો બેટા કો, મહિમા વરણ્યો ન જાઈ;**
**'આનંદઘન' પ્રભુ ભાવ પ્રકટ કરો, ઘટ ઘટ રહ્યો સમાઈ. અવધૂ (૪)**

તે બેટાનું નામ ભાવકુમાર જાહેર કરવામાં આવ્યું. તેનો પ્રભાવ વર્ણવી શકાય નહિ. મારા આનંદઘન પ્રભુ! એ વૈરાગ્ય બેટાને પ્રકટ કરો. એ ઘટ, ઘટમાં ગોઠવાઈ રહેલો છે. હૃદયમાં ઉંડો વસીને પડેલો છે તેને બહાર લાવો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# શ્રી આત્માનંદ પ્રકાશ

તંત્રી : શ્રી પોપટલાલ રવજીભાઈ સલોત

વર્ષ : ૮૧] વિ. સં. ૨૦૪૦ કારતક : નવેમ્બર-૧૯૮૩ [અંક : ૧


## ભાવવાહી સ્તુતિઓ

સં મુનિશ્રી રવિન્દ્રસાગરજી

નમીએ શ્રી જિનરાજ આજ તમને દેવો તણા દેવ હે!<br>
વિનવીએ તુમ આગળ કરગરી આપો પ્રભુ સેવને<br>
તુમ દરિસણ વિણ મેં લહ્યા દુઃખ બહુ ચારે ગતિને વિષે<br>
પૂરણ ભાગ્ય ઉદય થકી પ્રભુ મળ્યા ધ્યાવું ત્હને અહોનિશે. ૧.

જે પ્રભુના અવતારથી અવનિમાં શાંતિ બધે વ્યાપતી<br>
જે પ્રભુની સુપ્રસન્ન ને અમીભરી દૃષ્ટિ દુઃખો કાપતી<br>
જે પ્રભુએ ભર યૌવને વ્રત ગ્રહી ત્યાગી બધી અંગના<br>
તારક તે જિનદેવના ચરણોમાં હોજો સદા વંદના. ૨.

દેખી મૂરતી પાર્શ્વજિનની નેત્ર મ્હારા ઠરે છે<br>
ને હૈયુ મ્હારૂ ફરી ફરી પ્રભુ ધ્યાન ત્હારૂં ધરે છે<br>
આત્મા મ્હારો પ્રભુ તુજ કને આવવા ઉલ્લસે છે<br>
આપો એવું બળ હૃદયમાં માહરી આશ એ છે. ૩.

જે દૃષ્ટિ પ્રભુ દરિસણ કરે તે દૃષ્ટિને પણ ધન્ય છે<br>
જે જીભ જિનવરને સ્તવે તે જીભને પણ ધન્ય છે<br>
પીએ મુદા વાણી સુધા તે કર્ણ યુગને ધન્ય છે<br>
તુજ નામ મંત્ર વિશદ ધરે તે હૃદયને નિત્ય ધન્ય છે ૪.

સંસાર ઘોર અપાર છે તેમાં બુડેલા ભવ્યને<br>
હે! તારનારા નાથ! શું ભૂલી ગયા નિજ ભક્તને<br>
મારે શરણ છે આપનું નવિ ચાહતો હું અન્યને<br>
તો પણ પ્રભુ મને તારવામાં ઢીલ કરો શા કારણે? ૫.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# નૂતન વર્ષના મંગલ પ્રભાતે

'શ્રી આત્માનંદ પ્રકાશ' માસિક સહસ્રદલ કમળ સમ વિકસિત, આત્મજ્ઞાનની પમરાટ પ્રસરાવતું, સદ્જીવન અર્થે અમૃતસમ પાન કરાવતું, આત્મવિકાસ માટે એક પછી એક સોપાન સર કરવામાં સહાયરૂપ બનતું, સુકૃત્યોને અનુમોદનાના પુષ્પોથી વધાવતું, જ્ઞાન-આરાધના માટે સર્વોત્તમ તક આપતું, સમયના ખળખળ નાદ સાથે તાલ મેળવતું, પ્રગતિના પંથે નિશ્ચિત કદમ સાથે ધપી રહ્યું છે. "ઉચ્ચતમ જીવન અને જીવન સાર્થકતા સાંપડો"–તેવા શુભ આશિષની લ્હાણ વાચકવૃન્દને અર્પે છે.

માસિકમાં વિદ્વાન પુરુષોના લેખો, મહાપુરુષોના ચરિત્રો, જૈન શાસનના જ્ઞાન રૂપ અમૂલ્ય ખજાનાઓ રજુ કરી વાચન રસાસ્વાદને તૃપ્ત કરવામાં અમૂલ્ય ફાળો અર્પે છે. આત્માને આનંદિત બનાવી, આત્માના અંધકાર દૂર કરી પ્રકાશ રેલાવી નામની સાર્થકતા કરે છે. તેથી અમે માસિકને પ્રશંસાના પુષ્પોથી આ મંગળ પ્રભાતે વધાવીએ છીએ, એટલું જ નહિ દરેક વાચક અને સભાના આજીવન સભ્ય મુક્ત કંઠે પ્રશંસા કરે છે-એ જ તેની સેવાનો પુરસ્કાર છે.

પૂર્વાચાર્યોના સિદ્ધ હસ્તે લખાયેલ સ્તવનો, સંસ્કૃત શ્લોકો, સત્ય ઘટનાઓ, ચિંતન કણિકાઓ, ભક્તિ સભર કાવ્યો વગેરે વિધવિધ વાનગીઓના રસથાળ દ્વારા જૈન શાસનની સેવા કરતા કરતા નીજનું નામ "પ્રકાશ" ઉજ્જવળ કરે છે, તે અંગે રસમય અને અસરકારક લેખોની પસંદગી કરવા બદલ અનેક અભિનંદન-પત્રો મળ્યા છે.

'પ્રકાશ'ની રોશનીમાં તપસ્વી ભાઇ-બહેનોના તપ, અનુષ્ઠાનોનું વર્ણન, દાન પ્રવાહના ઝરણાં ઝગમગતા બને છે તે જોઇ અમારાં હૃદય આનંદ અનુભવે છે.

જીવનપાયાને નક્કર બનાવનાર કથાનકો, કાવ્યો, જૈન ધર્મના આચાર વિચાર પરના નૂતન શૈલીમાં લખાતાં લેખો માટે વિદ્વાન લેખકોને અમારી નમ્ર વિનંતિ છે કે તેઓ સમયે સમયે અમને સારા લેખો મોકલીને આભારી કરે.

આ સંસ્થાનું મહત્વનું કાર્ય જૂના સંસ્કૃત કે માગધી ભાષામાં લખાયેલ પુસ્તકોનું ભાષાંતર કરાવી, છપાવી જૈન જનતા સમક્ષ મૂકવું. તે ધ્યેયના ફળશ્રુતિ રૂપ 'શ્રી સુમતિનાથ ચરિત્ર'નો પ્રથમ ભાગ પ્રગટ કરવામાં આવ્યો છે. વિશેષ આનંદ તો એ બાબતનો છે કે આ પુસ્તક આજીવન સભ્યોને ભેટ તરીકે અર્પવામાં આવ્યુ છે. બીજો ભાગ પણ છપાઇ ગયેલ છે જે શ્રી સુમતિનાથ પ્રભુ ચરિત્ર ભાગ ૨ નો પ્રકાશન સમારોહ પરમ પૂજ્ય પંન્યાસ પ્રવર ગુરુદેવ શ્રી અભયસાગરજી મહારાજ સાહેબના શિષ્યરત્ન પૂજ્ય મુનિવર્ય અશોકસાગરજી મહારાજ સાહેબ આદિ મુનિભગવંતોની શુભ નિશ્રામાં સંવત ૨૦૩૯ના મહા વદ ૨ ને રવિવાર તા. ૩૦-૧-૮૩ના રોજ તખતગઢ મંગલ ભુવન, તળેટીરોડ, પાલીતાણા મુકામે ઉજવવામાં આવ્યો હતો. જેની કિંમત રૂા. ૩૫-૦૦ રાખેલ છે

આ સંસ્થાના સંસ્કૃત તથા માગધી ભાષાના પુસ્તકોનો લાભ સાધુ-સાધ્વીજી મહારાજ સાહેબો લે છે. અભ્યાસ તેમજ વ્યાખ્યાનમાં તેનો ઉપયોગ કરવામાં આવે છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આ સંસ્થા પોતાના જ મકાનમાં જાહેર લાઈબ્રેરી ચલાવે છે. અનેક વ્યક્તિઓ સારો એવો લાભ લે છે. પુસ્તકોનો લાભ મેળવવા માટે વાર્ષિક ફી ર) રૂા. રાખેલ છે. પરિણામે જૈન તથા જૈનેતર ભાઈ બ્હેનો સારો લાભ લે છે.

જૈન વિદ્યાર્થીઓ અભ્યાસમાં સારા ગુણ મેળવી ઉત્તીર્ણ થાય તે માટે સંસ્થા તરફથી શ્રેષ્ઠ વિદ્યાર્થીઓને ઈનામ પણ આપવામાં આવે છે. એસ.એસ.સી.પરીક્ષામાં પાસ થઈ આગળ અભ્યાસ કરનાર ભાઈ બ્હેનોને આ વર્ષે રૂા. ૧૮૦૦ની શિષ્યવૃત્તિ આપી છે. જેથી જરૂરિયાતવાળા વિદ્યાર્થીઓને અભ્યાસમાં વિક્ષેપ ન પડે. દિન-પ્રતિદિન મોંઘવારીનો આંક આગળ ધપતો રહે છે તેથી ઉચ્ચતર શ્રેણીમાં અભ્યાસ કરનાર વિદ્યાર્થી ભાઈઓ તથા બ્હેનોની શિષ્યવૃત્તિ માટે માંગ વધી છે. તેથી સારી સંખ્યામાં વિદ્યાર્થી ભાઈઓ અને બ્હેનોને સંસ્થા સહાયરૂપ બની શકે તેવી પરિસ્થિતિ સર્જવા પેટ્રન સાહેબો તથા આજીવન સભ્યોને અમારી નમ્ર વિનંતિ છે. આશા છે કે આ જ્ઞાન-દાન સમાન પ્રવૃત્તિને આવકારી શક્તિ મુજબ દાન આપી તેઓ પ્રવૃત્તિને વેગવાન બનાવશે.

દર વર્ષે આ સંસ્થા પૂજ્ય આચાર્ય મહારાજ સાહેબ શ્રી વિજયાનંદસૂરીશ્વરજીની જન્મ જયંતિ ચૈત્ર સુદી ૧ના રોજ પાલીતાણા મુકામે ઉજવે છે. સાધુ-સાધ્વીની ભક્તિનો અપૂર્વ લાભ તેમ જ પૂજાનો લાભ તે દિવસે સંસ્થા મેળવે છે.

ઉપરાંત આ સભાની વર્ષગાંઠ જેઠ સુદ ગાં રોજ તળાજા તીર્થે ઉજવાય છે. ત્યાં પૂજા વગેરેનો લાભ મેળવી ધન્યતા અનુભવે છે.

ગુરુભક્તિ નિમિત્તે માગશર વદી ૬ તથા આસો સુદી ૧૦ના રોજ સંસ્થા તરફથી સારા સંગીતકારોની સુરાવલી સાથે પૂજા ભણાવવામાં આવે છે, તેમ જ ભાવના પણ થાય છે.

નૂતન વર્ષના સુનિત પ્રભાતે સંસ્થાના સભ્યો સ્નેહમિલનમાં હાજરી આપી પરસ્પર સ્નેહ ભાવનાની વૃદ્ધિ માટે નૂતન વર્ષાભિનંદન અર્પી શુભેચ્છાના રસપાન પીરસી, ધન્યતા અનુભવે છે

જે જે લેખકો કે લેખિકાઓએ પોતાને મળેલ જ્ઞાન સમૃદ્ધિનો અનેરો લાભ આ માસિક દ્વારા આપેલ છે એ સર્વને અભિનંદન અર્પતા ધન્યતા અનુભવે છે.

છપાઈ તેમજ કાગળની અસાધારણ મોંઘવારી વચ્ચે પણ માસિકનું નાવ અસ્ખલિતપણે ચાલ્યું જાય છે, જે પરમ પૂજ્ય સ્વ. આચાર્યશ્રી વિજયાનંદસૂરિશ્વરજી મહારાજ, સ્વ. પ્રવર્તકશ્રી કાંતિવિજયજી મહારાજ, પૂજ્ય શ્રી ચતુરવિજયજી મહારાજ તથા પૂ. આગમ પ્રભાકર શ્રુતશીલવારિધિ મુનિ ભગવંત પુણ્યવિજયજી મહારાજના આશીર્વાદનું ફળ છે. તેઓ સર્વનું સ્મરણ કરી, આ મંગળદિને હૃદયપૂર્વક વંદન કરીએ છીએ.

આ પ્રસંગે તમામ પેટ્રન સાહેબો, આજીવન સભ્યો, સંસ્થાના સભ્યો અને હિતેચ્છુઓને શુભેચ્છા પાઠવીએ છીએ.

સંસ્થા પ્રગતિના સોપાન સર કરી ઉન્નતિના શિખરે પહોંચે તે માટે અવિરત પ્રયત્નો દ્વારા સાથ સહકાર આપવા નમ્ર વિજ્ઞપ્તિ કરીએ છીએ, જે નામી અનામી વ્યક્તિઓએ સંસ્થાના ઉત્કર્ષ માટે સેવા અર્પી છે તમનો હાર્દિક આભાર માનીએ છીએ.

પ. પૂ. નવપદજીના અનેરા ભક્ત અને વર્ધમાન તપના પુણ્યવંતા તપસ્વી શ્રી શ્રીપાળ રાજાનો રાસ છપાઈને તૈયાર થયેલ છે પ. પૂ૦ જંબૂવિજયજી મહારાજ સાહેબની કૃપાદષ્ટિ અને તેમની શુભ પ્રેરણા, તેમજ સંસ્થા ચમકતી-તેજસ્વી બને તેવા અંતરના આશીર્વાદ વરસાવતા રહે છે. પ. પૂ૦ મહારાજ સાહેબ વજ્રસેન મુનિશ્રીની જહેમતથી સાકાર પામેલું પ. પૂ૦ હેમચંદ્રસૂરિ રચિત પ્રાકૃત વ્યાકરણ તૈયાર થઈ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ગયું છે. તે પુસ્તક પૂ૦ સાધુ મહારાજ સાહેબો તથા સાધ્વીજી મહારાજ સાહેબોને ભેટ આપેલ છે.

પ. પૂ૦ હેમચંદ્રસૂરિ રચિત પ્રાકૃત વ્યાકરણ નવ Appndices સાથે રેકઝીન બાઈન્ડીંગ કરેલ પુસ્તક સંવત ૨૦૩૯ની સાલમાં પ્રગટ કરેલ છે. શ્રી જૈન આત્માનંદ સભાનું પ્રકાશન ૯૪મું રત્ન છે, સાચા અર્થમાં તે રત્ન જ છે. કેમકે તેના વિવિધ કારણો પ્રાકૃત ભાષાના અભ્યાસીને પુનિત ભાષાથી પ્રકાશિત કરે છે અને પ્રાચીન પ્રાકૃત ભાષાના વ્યાકરણોમાં આ પુસ્તકનું અદ્વિતિય સ્થાન છે. જેથી કીંમત રૂા. ૨૫-૦૦ છે.

દ્વાદશાર નયચક્રમ-ભાગ ૧-૨ (રચયિતા પ. પૂ૦ જંબૂવિજયજી મહારાજ સાહેબ) સંસ્થા દ્વારા બહાર પડી ચૂકયો છે. જેમની માંગ જાપાન, અમેરિકા, ઓસ્ટ્રેલિયા વગેરેના વિદ્વાનો કરે છે. તેઓ સહુ ત્રીજા ભાગની રાહ જોઈ રહ્યા છે. તે કાર્ય પણ સવેળા પતે તેવા પ્રયત્નો સંસ્થાએ જારી રાખ્યા છે.

પ. પૂ૦ આચાર્ય ભગવંતો, પ. પૂ૦ મહારાજ સાહેબો, પ્રખ્યાત લેખકો-શ્રી કુમારપાળ દેસાઈ, પ્રાધ્યાપક સાહેબ, શ્રીમાન રતિભાઈ માણેકચંદ તથા રમેશભાઈ ગાલા, અમરચંદભાઈ માવજી, રાયચંદભાઈ મગનલાલ શાહ, આત્માનંદ પ્રકાશ માટે લેખો મોકલે છે અને ઉપકૃત કરે છે, તે બદલ તેઓ પ્રત્યે ભક્તિ-વંદન ભાવ દર્શાવીએ છીએ.

કોઈપણ સંસ્થા કાર્યવાહકોની શુભ નિષ્ઠાપર નિર્ભર રહે છે તેમાં બે મત નથી. અનેકવિધ કાર્યો હાથ ધરતાં પહેલાં અન્યનો ટેકો, સાથ-સહકાર અનિવાર્ય રીતે મેળવવો પડે છે. સદ્ભાગ્યે આ સંસ્થાને શ્રીમાન્ રાયચંદભાઈ મગનલાલ શાહનો સારો એવો સહકાર ને સેવા સાંપડયા છે. ગત વર્ષમાં તેમના દ્વારા શ્રેષ્ઠીવર્યો પેટ્રન બન્યા છે. તેમની સેવાની અનુમોદનાની તક અત્રે અમે લઈએ છીએ.

સંસ્થાના વિકાસમાં આપ સહુ શુભેચ્છકો, પેટ્રન સાહેબો, આજીવન સભ્યો સહકાર આપી કાર્યવાહકોને ઉપકૃત કરશો એવી હાર્દિક ભાવના.

૧ હીરાલાલ ભાણજીભાઈ શાહ
પ્રમુખશ્રી B. Sc.

૨ પોપટલાલ રવજીભાઈ સલોત
B. A. B. T.
ઉપપ્રમુખશ્રી અને તંત્રીશ્રી
જૈન આત્માનંદ પ્રકાશ


**શ્રી હેમચન્દ્રાચાર્ય કૃતમ્ પ્રાકૃત વ્યાકરણમ્ (અષ્ટમોઽધ્યાયઃ)**

શ્રી જૈન આત્માનંદ સભાનું પ્રકાશન-૯૪મું રત્ન છે. સાચા અર્થમાં તે રત્ન જ છે કેમકે તેના વિવિધ કારણો પ્રાકૃત ભાષાના અભ્યાસીને પુનિત ભાષાથી પ્રકાશિત કરે છે પ્રાચીન પાકૃત ભાષાના વ્યાકરણોમાં આ પુસ્તકનું અદ્વિતીય સ્થાન છે. અર્વાચીન વિદ્વાનોએ આ પુસ્તકને બીરુદાવ્યું છે. અભ્યાસીને સંપૂર્ણ જ્ઞાન મળે અને તુલનાત્મક અભ્યાસ થાય તે માટે આ પુસ્તકમાં નવ Appendices આવેલ છે જર્મન જેવા દેશમાં તેમજ મહાન વિદ્યાપીઠોની માંગ સારી છે. તેજ તેનું મૂલ્યાંકન છે.

**Price Rs. 25-00** Dolar 5-00 **Pound 2-10**

પ્રાપ્તિસ્થાન

**શ્રી જૈન આત્માનંદસભા, ખારગેટ, ભાવનગર**




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જૈન સ્તોત્રોમાં નવધા ભક્તિ

—ધરમચંદ જૈન

નવ પ્રકારની પરંપરા મૂળે વૈષ્ણવ ધર્મની છે. પણ જૈન ધર્મમાં આ તત્ત્વો નજરે પડે છે. ‘નવધા ભક્તિ’ના ત્રણ વિભાગ છે.

**પ્રથમ વિભાગ :–** શ્રવણ ભક્તિ, કીર્તન ભક્તિ અને સ્મરણ ભક્તિ.

આ ત્રણે દેવની અનુપસ્થિતિમાં થાય છે.

**બીજો વિભાગ :–** પાદસેવન, અર્ચન અને વન્દન ભક્તિ સંપૂર્ણતઃ ભગવાન સાક્ષાત્ મળે ત્યારે જ બને. પરંતુ ભગવાનની અનુપસ્થિતિમાં મનના ભાવથી, તેમને પ્રત્યક્ષ માનીને, તેમનું અનુષ્ઠાન થાય છે, આ છ ભક્તિ ક્રિયારૂપ છે.

**ત્રીજો વિભાગ :–** દાસ્ય ભક્તિ, સખ્ય ભક્તિ, આત્મ નિવેદન ભક્તિ. આ ત્રણે ભાવરૂપ છે. કેમકે તેમાં ભાવને અનુરૂપ ક્રિયા થતી હોવાથી, ભાવની પ્રધાનતા રહે છે.

## શ્રવણ ભક્તિ

ભગવાનનું નામ અને તેમના ગુણોનું શ્રદ્ધા પૂર્વક તેમજ પ્રેમપૂર્વક શ્રવણ કરવું તે શ્રવણ ભક્તિ છે.

પ. પૂ. આચાર્ય કુમુદચંદ્ર મહારાજ સાહેબે કલ્યાણ મંદિરમાં શ્રવણ ભક્તિનું સુંદર વિવેચન કર્યું છે. નીચે પ્રમાણે.

आस्तामचिन्त्य महिमा, जिन संस्तवस्ते.
नामापि पाति भवतो भवतो जगन्ति ।
तीव्रतपोपहत पान्थ जनान्निदाघे,
प्रिणाति पद्मसरसः सरसोऽनिलोऽपि ॥

હે દેવ! આપના સ્તવનનો અચિન્ત્ય મહિમા છે, પરંતુ આપનું નામ–માત્ર પણ સંસારના દુઃખોથી બચાવી લે છે. જેવી રીતે ગ્રીષ્મ ઋતુમાં ગરમીથી પીડાતા મનુષ્યોને કમળ યુક્ત સરોવર સુખ આપે છે જ, પણ એ સરોવરની શીતળ હવા પણ સુખ આપે છે.

સ્તોત્રો ઉપરાંત કવિ પુષ્પદન્તે ‘નાભેયચરિત’ માં પણ લખ્યું છે કે દિગ્વિજય બાદ જ્યારે ભરત રાજા આદિનાથ પ્રભુ પાસે પહોંચ્યા ત્યારે પોતાની જાતને વ્યર્થ માનવા લાગ્યા, તે કહે છે, “તે ચરણ સફળ છે જે આપના તીર્થમાં જાય છે. તે નેત્ર સફળ છે કે જેણે આપને નિહાળ્યા છે. તેજ કંઠ સફળ છે કે જેણે આપના ગીત ગાયા છે. તે કાન ધન્ય છે જેણે આપને સાંભળ્યા છે. તે જ હાથ સફળ છે કે જેણે આપની સેવા કરી છે.

## કીર્તન ભક્તિ

શ્રદ્ધા અને પ્રેમપૂર્વક ભગવાનના મંગળમય કાર્યોનું કથન, નામ અને ગુણોનું કીર્તન તપ જપ કાર્ય—એ કીર્તન ભક્તિ છે.

ભક્તામર સ્તોત્રમાં પ. પૂ. માન્તુઙ્ગાચાર્યજી-એ આરાધ્યના ગુણોનું વર્ણન કરતાં કહ્યું છે, “હે ભગવન્! આપ એક અદ્ભુત જગત્ પ્રકાશી દીપક છો, જેમાં તેલ નથી, વાટ નથી, કે ધૂમ નથી. પર્વતોને કમ્પાવનાર વાયુની ઝાપટ આ દીપક સુધી પહોંચી શકતી નથી. છતાં પણ જગત્માં પ્રકાશ ફેલાવે છે,

निर्धूमवर्तिरप वर्जित तैल पूरः
कृत्स्न जगत्त्रयमिदं प्रकटी करोषि ।
गम्यो न जातु मरुतां चलिता चलानां,
दीपोऽपरस्त्वमसि नाथ जगत प्रकाशः ॥

આચાર્ય ભગવંત ફરી કહે છે, “હે ભગવન્! આપનો મહિમા સૂર્યથી અધિકતર છે, કેમકે આપ કદી અસ્ત પામતા નથી, રાહુ ગમ્ય નથી,



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આપનો પ્રભાવ વાદળોથી પણ અવરુદ્ધ બનતો નથી. આપ સમસ્ત લોકોના સ્વરૂપને સ્પષ્ટ રૂપથી અવગત કરો છો.”

नास्तं कदाचिदुपयासि न राहु गम्यः,
स्पष्टी करोषि सहसा युगपज्जगन्ति ।
नाम्भोधरोदर निरुद्ध महाप्रभावः
सूर्यातिशायिमहिमाऽसि मुनीन्द्र लोके ॥

## સ્મરણ ભક્તિ

ભગવાનના પરમ પ્રભાવશાળી મંગળમય નામ, રૂપ, અને ગુણનું ધ્યાન કરવું તે સ્મરણ ભક્તિ છે.

ભક્તામર સ્તોત્રમાં કવિ કહે છે કે સૂર્યની વાત શી ? તેની પ્રભા તળાવના કમળોને વિકસિત કરે છે. તે પ્રમાણે હે પ્રભો ! આપનું સ્તોત્ર તો દૂર રહેતું હોવા છતાં, આપના નામના કથા જ સમસ્ત પાપોને દૂર કરી દે છે.

आस्तां तव स्तवनमस्त समस्त दोषं,
त्वत्संकथाऽपि जगतां दुरितानि हन्ति ।
दूरे सहस्रकिरणः कुरुते प्रभव,
पद्माकरेषु जलजानि विकासभाञ्जि ॥

નામ સ્મરણ ભક્તિના મહત્ત્વનું પ્રતિપાદન કરતા, કવિ ફરી કહે છે, “હે પ્રભો! સંગ્રામમાં આપનું સ્મરણ કરવાથી બળવાન રાજવીઓના યુદ્ધ કરતાં અશ્વો અને હાથીઓની ભયંકર ગર્જનાથી યુક્ત સેનાદળ એવી રીતે નષ્ટ-ભ્રષ્ટ થઇ જાય છે જેવી રીતે સૂર્યોદય થતાં અંધકાર નષ્ટ થઈ જાય છે.

वल्ग-तुरङ्ग गजगर्जित भीमनाद,
माजौ बलं बलवतामपि भूपतिनाम् ।
उद्यद्दिवाकर मयूख शिखापविद्धं,
त्वत्कीर्त्तनात्तम इवाशु भिद मुपैति ॥

## અર્ચન ભક્તિ

જૈનધર્મમાં પરમાત્માની પૂજા અથવા અર્ચના સાધનના રૂપમાંજ પ્રયુક્ત થઇ છે. તે અપને આપમાં સાધ્ય નથી. પરમાત્માના ગુણોની પ્રાપ્તિના સાધન રૂપમાં તેનું મહત્ત્વ છે. આ આશયને સ્પષ્ટ કરતા તત્વાર્થ સૂત્રમાં કહેવાયું છે.

मोक्षमार्गस्य नेतारं – भेत्तारं कर्मभूभृतां ।
ज्ञातारं विश्वतत्वानां वन्दे तद्गुणलब्धये ॥

## વન્દન ભક્તિ

ભગવાનના શ્રી ચરણોમાં અથવા તેમના શ્રી વિગ્રહ ચરણોમાં અન્યભાવથી પ્રણામ નિવેદન કરવું અથવા સ્તુતિ કરવી તે વન્દન ભક્તિ છે.

જૈનધર્મ ગુણોના ઉપાસક છે સદ્ગુણીના ચરણોમાં શિર ઝુકાવવાને તે ઉપાદેય માને છે અને ગુણહીન વ્યક્તિના ચરણોમાં શિર ઝુકાવવાને હેય માને છે.

પ. પૂ. ભદ્રબાહુ સ્વામીએ કહ્યું છે, “ જો અવન્દનીય વ્યક્તિ ગુણી પુરુષો દ્વારા વંદન પામે છે તો તે અસંયમના વૃદ્ધિ કરીને પોતાનું અધઃપતન કરે છે.”

જેનું જીવન ત્યાગ, વૈરાગ્યથી ઓતપ્રોત છે તથા નિશ્ચય અને વ્યવહાર બન્ને દૃષ્ટિઓથી જેનું જીવન પવિત્ર છે અને નિર્મળ છે તે સદ્ગુરુ છે. ભક્તિભાવથી વિભોર બની તેમને વંદન કરવું જોઈએ. વંદન આત્મશુદ્ધિનો માર્ગ છે.

શ્રી અકલંકદેવે ‘અકલંક સ્તોત્ર’માં એ દેવને વંદના કરી છે કે જે સમગ્ર સંસારને હાથની રેખા જેમ જોઈ શકે છે અને જેને જન્મ, જરા, મૃત્યુ રૂપ તાપ સ્પર્શ પણ કરી શકતો નથી.

## પાદ સેવન ભક્તિ

શ્રદ્ધા, પ્રેમપૂર્વક ભયહરણ કરવા વાળા ભગવાનના પાદ પદ્મોની પૂજા—તે પાદ સેવન ભક્તિ છે. ભગવાનની પ્રતિષ્ઠિત પ્રતિમાના ચરણોની પૂજા.

કલ્યાણ મંદિરના કર્તા પ. પૂ. આચાર્યજી કુમુદચન્દ્ર કહે છે, “હે શરણ્ય ! આપના ચરણ કમળોની સતત સંચિત ભક્તિનું જો કોઇ ફળ હોય તો તે એવું હોવું જોઈએ કે આ જન્મમાં અને આવતા જન્મમાં આપજ મારા સ્વામી હો;



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કેમકે આપ સિવાય મારે માટે બીજું કોઇ શરણ થઈ શકે નહિ.

**यद्यस्ति नाथ ! भवदंघ्रिसरोरुहाणाम् ,**
**भक्तेः फल किमपि सततं संचितायाः ।**
**तन्मे त्वदेकशरणस्य शरण्य भूयाः,**
**स्वामीं त्वमेव भुवनेऽत्र भवान्तरेऽपि ॥**

પ. પૂ. વાદિરાજસૂરિને એકીભાવ સ્તોત્રમાં કહ્યું છે, હે ભગવાન્! આપના ચરણ કમળોની સંગતિ પ્રાપ્ત કરનાર ભક્તિ ગંગામાં જે સ્નાન કરે છે તેના ચિત્તના સમૂચા પાપ નષ્ટ થાય છે.

પ. પૂ. શ્રી જિનસમુદ્રસૂરિએ આ ભાવ પાર્શ્વનાથ પ્રભુના સ્તવનમાં વ્યક્ત કરેલ છે. તેઓ કહે છે, "હે ભગવાન્! આપના ચરણોની સેવાનું રસિક એવું મારૂં મન બીજામાં સંતોષ પામતું નથી. કોયલ આમ્રમંજરીને છોડીને કરેણમાં આનન્દનો અનુભવ કરતી નથી.

## આત્મનિવેદન ભક્તિ

અહંકાર રહિત બની, પોતાને શ્રદ્ધાપૂર્વક ભગવાનને સમર્પિત કરવું-તે આત્મ નિવેદન ભક્તિ છે

ભગવાનની મહત્તા દર્શાવવી અને પોતાની લઘુતા દર્શાવવી તે ભક્ત મુખ્ય ગુણ છે. પ. પૂ. આચાર્ય સમન્તભદ્રજી સ્વયંભૂ સ્તોત્રમાં આત્મ નિવેદન કરે છે, "હે ભગવાન્! આપ આવા છો, આપ તેવા છો, એ મારી અલ્પમતિનું સ્તુતિ રૂપ પ્રલાપ છે. આપના અશેષ માહાત્મ્યને નહિ જાણતા છતાં, આપના ગુણોના સંસ્પર્શ કરવા માત્રથી તે અમૃત-સમુદ્રના સ્પર્શની જેમ કલ્યાણપૂરક છે.

પ. પૂ શ્રી માનતુંગાચાર્યજી પણ કહે છે, "હે ભગવાન્! હું અલ્પશ્રુત છું અને વિદ્વાનોના પરિહાસ ધામ છું; છતાં પણ આપની ભક્તિના કારણથી હું સ્તુતિ કરવા તૈયાર થયો છું." જેવી રીતે કોયલ આમ્રકલિકાના કારણથી મધુર શબ્દનું ઉચ્ચારણ કરે છે, તેવી રીતનું આ છે.

## દાસ્ય ભક્તિ

ભગવાનને જ પોતાના એકમાત્ર સેવ્ય સ્વામી માની શ્રદ્ધાપૂર્વક દાસ્યભાવથી જ્યારે સેવા કરવામાં આવે છે ત્યારે તેને દાસ્ય ભક્તિ કહે છે.

પ. પૂ. આચાર્ય સોમદેવજીએ 'યશસ્તિલક-ચમ્પૂ'માં કહ્યું છે, 'હે ભગવાન! આપના પ્રસાદથી મને માનવીય અને દૈવીય વૈભવ પ્રાપ્ત થયેલ છે. હવે મારૂં હૃદય આપની સેવા માટે ઉત્સુક છે, તેને તે માટે અવસર આપી, સનાથ બનાવો "

## સખ્ય ભક્તિ

ભક્તિભાવથી આપ્લાવિત બની, ભગવાનમાં મિત્રભાવથી પ્રેમ સ્થાપિત કરવો તે સખ્ય ભક્તિ છે. જૈન સ્તોત્રોમાં આ ભક્તિનો સંકેત દૃષ્ટિગોચર થતો નથી.

'શ્રમણ' સૌજન્યથી
હિન્દીમાંથી અનુ. P. R. Salot

## આત્મ કલ્યાણ અર્થે પૂજા ભણાવવામાં આવી

આચાર્ય શ્રી વિજયકમળસૂરીશ્વરજી મહારાજની સ્વર્ગારોહણ તિથિ અંગે ગુરુભક્તિ નિમિત્તે તથા આ સભાના ભૂતપૂર્વ ઉપપ્રમુખ સ્વ. શેઠ ફતેહચંદ ઝવેરભાઇ શાહની જન્મ તિથિ હોવાથી તેમના પુત્ર ભાઈ હિંમતલાલ તરફથી સ્વર્ગસ્થના આત્મકલ્યાણ અર્થે ભાવનગર જૈન આત્માનંદ સભાના લાઈબ્રેરી હોલમાં સં. ૨૦૩૯ના આસો સુદ ૧૦ને રવિવારના રોજ શ્રી પંચકલ્યાણકની પૂજા ભણાવવામાં આવી અને પ્રભાવના કરવામાં આવી હતી.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# દંભ એક ગ્રંથી છે!

પંન્યાસ પ્રવરશ્રી ભદ્રગુપ્તવિજયજી ગણીવર

એક સવાલ ક્યારેક દિમાગના ખૂણામાં સળવળે છે.

—શું નિર્ગ્રંથતાની સાથે નિર્દંભતાનો કોઈ નાતો છે ખરો?

—શું દંભ એ ગ્રંથિ નથી? જેમ રાગ ગ્રંથિ છે..દ્વેષ ગ્રંથિ છે..એવી રીતે શું દંભ ગ્રંથિ નથી?

—નિર્ગ્રંથના જીવનમાં જેમ રાગ અને દ્વેષ હેય મનાયા છે, ત્યાજ્ય મનાયા છે, એમ શું દંભ પણ ત્યાજ્ય નથી?

—'દંભ હેય છે-ત્યાજ્ય છે,' આટલું કહી દેવા માત્રથી શું થવાનું? જીવનવ્યવસ્થામાં દંભ વણાઇ ગયો હોય તાણા-વાણાની જેમ અને કહી દઈએ કે 'દંભ હેય છે–દંભ ત્યાજ્ય છે....' તો તો પ્રશ્નનું નિરાકરણ આવી જશે?

—ગૃહસ્થના જીવનમાં તો જાણે દંભને અનિવાર્યરૂપે જરૂરી માની લેવામાં આવ્યો છે....પણ શું નિર્ગ્રંથના જીવનમાંયે દંભ જરૂરી છે? શા માટે?

—દંભ મુક્તિરૂપી વેલને જલાવી મૂકનાર આગ છે, દંભ મોક્ષમાર્ગમાં અવરોધ કરનાર આગળો છે....દંભ નર્યું ઝેર ....' આવી દંભની વર્ણના ધર્મગ્રંથોમાં કરવામાં આવી છે.

—ધર્મગ્રંથોને વાંચનાર અને સાંભળનાર બધા જ લોકો દંભનિંદાથી પરિચિત છે....છતાંયે 'આટલો દંભ તો રાખવો જ પડે છે....' આવી વાતો કરે છે!

—શું શ્રમણના જીવનમાં-નિર્ગ્રંથતાના માર્ગમાં દંભ જરૂરી છે? હાં, જ્યાં સુધી શ્રમણ-સાધુ સામાજીક બની રહેશે ત્યાં સુધી એને દંભનો સહારો લેવો પડશે.

—પણ, સામાજિક માન-પ્રતિષ્ઠાના વ્યામોહમાં ફસાયેલા બાહ્ય-નિર્ગ્રંથ; નિર્દંભ જીવન નથી જીવી શકતા. સામાજિક કાર્યોમાં રાગી- દ્વેષી અને દંભી જીવોનો સંપર્ક ત્યાં અનિવાર્ય બની જાય છે....'સંસર્ગ જન્યા ગુણદોષાઃ' સંસર્ગ જન્ય ગુણદોષોના શિકાર થવું જ પડે છે! ગુણોની વાત તો માંહ્યલો જાણે, પણ દોષોના ઝાંખરા તો છવાઈ જ જાય છે જીવનની ધરતી પર.

—'નિર્દંભતા વિના નિર્ગ્રંથતા નહીં.' આ વાત નિર્ગ્રંથ સાધુના હૈયામાં સ્થિર થઇ જવી જોઇએ. નિર્દંભ બનવા માટે દૃઢ સંકલ્પ કરવો જરૂરી બને છે.

—'મારે સામાજિક પ્રતિષ્ઠાં નથી જોઇતી...મારે તો આધ્યાત્મિક નિષ્ઠા મેળવવી છે' આવો આંતરનાદ ભીતરમાં ગુંજ્યા કરે...તો નિર્ગ્રંથતાની પ્રાપ્તિ શક્ય બને છે...અને આંતર-સંતોષની શરણાઇના સૂર રેલાવા લાગે છે!

(સ્નેહદીપ દ્વારા અનૂદિત)

## ક્ષમા યાચના

આ માસિક અંકમાં કોઇ અશુદ્ધિ રહી ગઈ હોય અથવા કોઇ ક્ષતિ, મુદ્રણ દોષ હોય તો તે માટે મનસા, વચસા, મિચ્છામિ દુક્કડમ્.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આરામ શોભા

**વ્યાખ્યાનકાર પ. પૂ. આચાર્યશ્રી વિજયનયપ્રભસૂરિજી મ. સા.**

( ગતાંકથી ચાલુ )

પછી તે દુષ્ટાએ ઉગ્ર વિષમિશ્રિત પકવાન તૈયાર કરી પહેલાંની જેમ સીલબંધ કરી પોતાના પતિને સોંપ્યુ અને કહ્યુ, "હે પ્રાણનાથ! આ ઘડો પણ પુત્રીને આપી આવો." અહો! દુષ્ટ દુરાત્માઓનો દુરાચાર દુનિયામાં દેખવા જેવો હોય છે, ક્રમે કરીને બ્રાહ્મણ તે જ વડવૃક્ષના મૂળમાં થાક ઉતારવાની ઇચ્છાથી સૂતો અને નિદ્રાદેવીને વશ થયો પહેલાંની માફક દેવતાએ વિષમિશ્રિત પકવાન્નનું અપહરણ કરી બીજું દિવ્ય પકવાન્ન દાખલ કર્યું. આ ઉપરથી સમજવાનું કે આપણે સામાનું અશુભ કરવાનું વિચારીશું તો તેનું અશુભ થવું કે ના થવુ તે તો તેના ભાગ્યની વાત છે. પણ જ્ઞાનીઓ કહે છે "તેં અશુભ ચિંતવ્યું માટે તારું તો અશુભ થઇ ગયેલ છે. હંમેશા જે ખાડો ખોદે છે તે જ પડે છે." એક કવિએ કહેલ છે—

કરે કષ્ટમાં પાડવા દુર્જન કોટી ઉપાય,
પુન્યવંતને તે સહુ સુખના કારણ થાય.

માતાનો દુષ્ટ વિચાર છે પણ પુત્રીનું પુન્ય જોરદાર છે. બ્રાહ્મણ જાગ્યા પછી રાજમંદિરે ગયો અને મિષ્ટાન્નનો ઘડો રાજાને અર્પણ કર્યો. તેથી તેણે વધારે યશ પ્રાપ્ત કર્યો.

ત્યાંથી પાછો ફરી બ્રાહ્મણ ફરતો ફરતો અનુક્રમે સ્વસ્થાનકે આવ્યો. સર્વ હકીકત પોતાની પ્રિયાને કહી. સાંભળી તેને અત્યંત ખેદ થયો અને એ દુષ્ટા વિચારવા લાગી, "અહો! આ તે શું કહેવાય! ગજબની વાત છે કે જીવો પહારી દ્રવ્યથી પણ તે મરતી નથી માટે હવે તો તાલકૂટ વિષમિશ્રિત પકવાન્ન કરી પહોંચાડું.

એમ વિચારી તણે ફરી વિષમિશ્રિત પકવાન્ન બનાવ્યું અને પહેલાંની માફક સીલબંધ કરી પોતાના પતિને કહ્યું, "હે પ્રાણેશ! તમે આ વખતે પુત્રીને સાથે જ તેડતા આવશો કદાચિત રાજા પુત્રીને ન મોકલે તો તેને તમારું બ્રહ્મતેજ દેખાડજો.

આ પ્રમાણે શંખણીની શીખામણ સાંભળી બ્રાહ્મણ ઘડો લઇ ચાલતો થયો. ભવિતવ્યતાના યોગે અનુક્રમે તે વિપ્ર તેજ વિશાલ વૃક્ષની છાયામાં વિશ્રામ હેતુથી સૂતો. સૂતાંની સાથે શ્રમને લીધે તેને નિદ્રા આવી ગઇ. દેવતાએ વિષમિશ્રિત દ્રવ્યનું અપહરણ કરીને ઉત્તમ દ્રવ્યના પકવાન્ન ઘડામાં ભરી દીધાં. બ્રાહ્મણે રાજદ્વારે પહોંચી મિષ્ટાન્નથી ભરેલો ઘડો રાજાને સુપ્રત કર્યો. તેથી વિપ્રના યશ વધારે વિસ્તાર પામ્યો પછી બ્રાહ્મણે રાજાને કહ્યુ, હે રાજેન્દ્ર મહેરબાની કરી મારી પુત્રી જે ગર્ભવતી છે તેને મારે ઘરે મોકલો. કારણ કે લોકોમાં એમ કહેવાય છે કે પુત્રીનો પહેલો પ્રસવ પિયરમાં જ થાય. ત્યારે રાજાએ કહ્યુ, "હે વિપ્ર! આજ બોલ્યા તેવું ફરીથી બોલશો નહીં; કારણ કે રજસ્ત્રી પોતાના પિતાને ઘેર બાળકનો જન્મ આપે એવું ન બને." રાજાના વચન સાંભળી બ્રાહ્મણે છરી કાઢી પોતાના પેટ ઉપર મૂકી હે રાજન્! આપ મારી પુત્રીને નહિ મોકલો તો હું નિશ્ચય અહીંજ મરણને શરણ થઈશ અને બ્રહ્મહત્યા આપને આપીશ."

પછી પ્રધાનોએ પ્રાર્થના કરી, "હે પ્રભો! આ બ્રાહ્મણનું ચસકયું લાગે છે. તે નિશ્ચયી બ્રહ્મહત્યા આપશે, માટે દેવીજીને આની સાથે મોકલો," પછી રાજાએ મોટી સેના અને સામગ્રી સાથે આરામ શોભાને રવાના કરી. બ્રાહ્મણીએ પોતાની પુત્રીને એક ભોંયરામાં સંતાડી દીધી અને ઘરના પાછલા ભાગમાં એક મોટો કૂવો ખોદાવી તૈયાર રાખ્યો. અગ્નિશર્મા બ્રાહ્મણ અને



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આરામ શોભા ઘણી ઋદ્ધિ-સિદ્ધિ સાથે પોતાના ઘેર આવ્યા જેના મસ્તકે સદાય છત્રની પેઠે ઉદ્યાન રહે છે તેવી આરામ શોભા પિતાના ઘરમાં સુખ પૂર્વક રહેવા લાગી.

જેમ છીપમાં સ્વાતિ નક્ષત્રના યોગથી મોતી ઉત્પન્ન થાય તેમ આરામ શોભાને ઉત્તમ દેવસમાન પુત્રનો પ્રસવ થયો. એક દિવસ દાસી વિગેરે સેવકો હાજર ન હતાં એવામાં આરામ શોભા દિશાએ જવા માટે ઓરમાન માતાની સાથે ઘરના પાછળના ભાગમાં આવી. ત્યાં કૂવો જોઇ તેણે પૂછ્યું. "હે માતા! આ કૂવો અહીં શા માટે ખોદાવ્યો છે? ત્યારે દુષ્ટાએ કહ્યું, "હે પુત્રી! આ કૂવો તારા માટે ખોદાવ્યો છે. કારણ કે તારે મીઠું પાણી લેવા દૂર જવું પડે છે અને તારે ઘણા દાસદાસી હોવાથી મને બહુ બીક રહે છે, કોણ જાણે કોનું હૃદય ક્યારે બગડે? પાસે કૂવો હોય તો ચિંતા ન રહે. મેં આ કૂવો ખોદાવી તૈયાર રખાવ્યો છે. સરળ અને શાંત સ્વભાવવાળી આરામ શોભા માતાની દીર્ઘદૃષ્ટિ ને દુષ્ટબુદ્ધિ ન જાણવાથી, કૂવા પાસે જઇ નીચું મોં કરીને કૂવો જોવા લાગી. લાગ જોઇને તેની ઓરમાન માતાએ પાછળથી ધક્કો માર્યો ને તે કૂવામાં ઉથલી પડી. કૂવામાં પડતાં પહેલાં પૂર્વે વરદાન આપેલા દેવનું સ્મરણ કર્યું. તેથી તત્કાલ દેવે ત્યાં આવી તેને ઝીલી લીધી. તે દેવ વિપ્ર પત્નીને તેના પાપકર્મનો બદલો આપવા તૈયાર થયો ત્યારે આરામ શોભાએ તેને શાંત પાડ્યો કારણ કે ઉત્તમ પુરુષો ગમે તેવી સ્થિતિમાં હોવા છતાં પોતાની સજ્જનતા છોડતા નથી.

સાકર તજે ન સરસપણું સોમલ તજે ન ઝેર ।।
સજ્જન તજે ના સજ્જનતા, દુર્જન તજે ન વેર ।।

પછી નાગકુમાર દેવે કૂવામાં એક પાતાળગૃહ તૈયાર કરાવ્યું. તેમાં આરામ શોભા નિવાસ કરવા લાગી. ઉદ્યાન પણ તેની પાછળ કૂવામાં ઊતર્યું.

હવે વિપ્રાએ પોતાની સાચી કન્યાને આરામ શોભાના વસ્ત્રાભૂષણથી વિભૂષિત કરી પલંગ ઉપર બેસાડી. એટલામાં દાસી વર્ગ ત્યાં આવી પહોંચ્યો. દાસીઓ ઓછા લાવણ્યવાળી, તેજહીન વર્ણવાળી, અપ્રમાણ શરીરવાળી તેમજ વિચિત્ર નેત્રવાળી, બનાવટી રાણીને આરામશોભા જાણી પૂછવા લાગી. "હે મહારાણી! તમારું શરીર શોભા વિનાનું કેમ દેખાય છે?" ત્યારે કૃત્રિમ મહારાણીરૂપ બ્રહ્મપુત્રી એ કહ્યું હે મહાભાગ! હું નથી જાણતી કે મને શો રોગ લાગુ પડ્યો છે. કે જેથી મારું રૂપ વિગેરે સર્વ ચાલ્યું ગયું. આ સાંભળી કેટલીક તેની મા પાસે દોડી ગઈ અને સર્વ હકીકત નિવેદન કરી. કપટના કરંડિયા જેવી તે વિપ્રા છાતી કૂટતી ત્યાં આવી અને વિલાપ કરવા લાગી.

હાય, હાય! મારી મહેચ્છાઓ નાશ થઇ. હે પુત્રી તને આ શું થઇ ગયું? હે પુત્રી! તને આવો રોગ શાથી થઇ ગયો? કોઇની નજર લાગી અથવા કોઈ જાતનો વાયુ વિકાર થયો છે કે પ્રસૂતિ-રોગ થયો છે.

"હે પુત્રી! તારા ઉપર તો મેં કંઇક મનોરથો સેવ્યાં હતાં. પણ હવે બધાં નિષ્ફળ થયાં." વળી તે માયાવીએ ઘણાં ઉપચારો કર્યા અને કપટપૂર્વક વિલાપ સાથે આવારણાદિ અનેક પ્રકારના અભિનય કર્યા પણ કાંઇ ફેર પડ્યો નહીં કારણ કે સાચું સ્વરૂપ કેમ નાશ પામે?

પાટલીપુત્રના મહારાજા જિતશત્રુનો પ્રધાન આરામશોભાને લેવા માટે સ્થળાશ્રય ગામમાં આવ્યો. અને બનાવટી આરામશોભાને દાસદાસી સાથે લઈ પાટલીપુત્રનો રસ્તો લીધો. રસ્તામાં દાસદાસીઓ પૂછ્યું કે- હે રાણીસાહેબા આપની સાથે ઉદ્યાન કેમ આવતું નથી? ત્યારે તે બોલી કે એ તો કૂવામાં પાણી પીવા ગયું છે તમે આગળ ચાલો, એ પાછળથી આવશે.

આ સાંભળી બધો પરિવાર ખેદ પામતો આગળ ચાલ્યો. અનુક્રમે કૃત્રિમ આરામ શોભા નગર નજીક પહોંચી પોતાની પટ્ટરાણીના પ્રવેશ નિમિત્તે રાજાએ મોટો ઉત્સવ કર્યો. જિતશત્રુ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

રાજા દેવકુમાર જેવા રૂપધારી પુત્રને જોઇને ખુશ થયો-અને રાણીને જોઇ ખેદ પામવા લાગ્યો. તેથી તેને પૂછયું, હે દેવી! આ શું થયું છે?" તે બોલી, મને શરીરે કાંઈક રોગ લાગુ થયો છે. તેથી મારા શરીરની દુર્દશા થઇ છે, રાજા ખેદ પામ્યો. તેણે જોયું તો નંદનવન પણ ના દેખાયું. તેણે ફરી પૂછયું કે દેવી નંદનવન જેવું દિવ્ય ઉદ્યાન કેમ દેખાતું નથી? તેણે કહ્યું હે સ્વામિન્! કૂવામાં પાણી પીવા ગયેલ છે પણ જ્યારે હું તેને બોલાવીશ ત્યારે તે અહીં આવશે. આવા વિચિત્ર વચનો સાંભળીને રાજા વિચારવા લાગ્યો કે, આ આરામ શોભા પહેલાં હતી તે છે કે કોઇ અન્ય છે? આમ શંકાશીલ વૃત્તિવાળો રાજા આરામ શોભા સંબંધી લેશમાત્ર પણ સુખ ના પામ્યો છતાં પરીક્ષા માટે તેણે આરામ શોભાને કહ્યું હે પ્રિયે, ઉદ્યાનને અહીં બોલાવ. બનાવટી રાણીએ કહ્યું કે, "એ તો અવસરે બોલાવીશ" આવાં વચનો સાંભળી રાજાએ નિર્ણય કર્યો કે આ સ્ત્રી અસલ આરામ શોભા લાગતી નથી. કોઈ બીજી અન્ય જ છે.

આ બાજુ સાચી આરામ શોભા કૂવાનાં પાતાળ ગૃહમાં સુખપૂર્વક રહે છે, પણ પુત્રના વિયોગથી તે અત્યંત દુઃખી છે. એક દિવસ તેણે દેવતાને કહ્યું, "હે તાત! હવે મારાથી પુત્રનો વિયોગ સહન થતો નથી, માટે આપ એવું કાંઇ કરો કે જેથી હું મારા પુત્રનું મુખ જોઉં." દેવે કહ્યું "હે પુત્રી! એક શરત તારે માન્ય રાખવી પડશે." તે બોલી, "કહો મહારાજ." ત્યારે દેવે કહ્યું, "સૂર્યોદય પહેલાં તું પાછી પાતાળગૃહે આવી જજે. તું નહીં આવે તો આજ પછી હું ક્યારે પણ દર્શન નહીં આપું. વળી તારા અંબોડની વેણી-માંથી નીચે પડેલો મરેલો સર્પ તારા જોવામાં આવે ત્યારે તારે સમજવું કે ભવિષ્યમાં મારા દર્શન થશે નહિ."

આરામ શોભાએ તે સર્વ મંજુર કર્યું. એટલે દેવતાએ પોતાના પ્રભાવથી તેને તેના પુત્ર પાસે પહોંચાડી. આરામ શોભાએ ત્યાર પછી પુત્રને ખોળામાં ખૂબ રમાડયો પુત્રને તેના સ્થાને સૂવ-ડાવી ઉદ્યાનમાં જઇને ફળ-ફૂલ વિગેરે તોડી લાવી પુત્રની આજુબાજુ મૂક્યાં અને પોતાના પાતાળ-ગૃહમાં પાછી વળી. ધાવમાતા કુંવરની આજુબાજુ દિવ્ય ફળફૂલને જોઈ નવાઈ પામી અને સર્વ હકીકતથી રાજાને વાકેફ કર્યો રાજાએ જ્યારે આ વાત જાણી ત્યારે તેણે કૃત્રિમ પટરાણીને પૂછ્યુ, "હે પ્રિયે! આ બધું શું છે?" તેણે કહ્યુ, "હે સ્વામિન્! રાત્રે મેં ઉદ્યાનનું સ્મરણ કર્યું હતું અને ફળફૂલને તોડીને અહીં લાવી હતી." રાજાએ કહ્યું, "જો એમ હોય તો ઉદ્યાનને હમણાં સત્વર બોલાવ. રાણીએ કહ્યુ, હું તેને રાત્રીએ લાવી શકું, પણ દિવસે લાવવાનું કાર્ય મારાથી અશક્ય છે." પ્રિયાના આવા વચન સાંભળી ચતુર રાજાએ વિચાર્યું કે ઉતાવળમાં અનર્થ થશે કાલે વાત. એમ વિચારી પોતાના મહેલમાં ગયો. બીજે દિવસે પણ પુત્રની એજ અવસ્થા જોઈ. ત્રીજે દિવસે ઉઘાડી તલવાર લઈ દિવાલની ઓથમાં સ્વસ્થતાથી ઉભો રહ્યો. રાત ઘોર અંધકારથી ભરેલી હતી. નગર નિવાસીઓ નિદ્રાધીન બની નિદ્રાદેવીના ખોળામાં સૂતાં હતાં.

દૂર દૂર શિયાળ, ઘુવડ તથા ચીબરીના ચિત્કાર સંભળાતાં હતાં. કોઇક કૂતરાઓ ભસતા હતાં. અર્ધરાત્રીના સુમારે તે રાજાએ દિવ્યવન સાથે પોતાની સાચી રાણીને સર્વ ક્રિયા કરતી જોઈ અને મનમાં નિશ્ચય કર્યો કે, "આ જ મારી સાચી આરામ શોભા છે" આમ વિચારે છે તેવામાં તે જલદીથી ચાલી ગઈ. સવારે ક્રોધના આવેશમાં આવી જઈને રાજાએ રાણીને કહ્યું, હે ભદ્રે! તું હમણાંજ ઉદ્યાનને બોલાવ. નહીંતર તારી દુર્દશા થશે." આવા રાજાના વચનો સાંભળી, તેનું મુખ શ્યામ પડી ગયું. ધડકતી છાતીએ તે વિચારવા લાગી કે વારંવાર રાજાને હું શું જવાબ આપું? ખરેખર મારા પુણ્ય પરવાર્યાં છે તે કાંઇ બોલી નહી. કદાગ્રહ-રહિત રાજા જતો રહ્યો અને રાત્રે



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સુસજ્જ થઈ પહેલાંની માફક ઉભો રહ્યો અર્ધ-રાત્રીએ પાછી આરામ શોભા આવી હંમેશ મુજબ ક્રિયા કરીને પાછી જવા લાગી ત્યારે રાજાએ ઝડપથી તેને પકડી લીધી અને કહ્યુ, "હે દેવી ! નિષ્કપટ તારા સ્નેહ વશ એવા મને શા માટે છેતરે છે.?" આરામ શોભાએ કહ્યું, "હે સ્વામિન્ ! આપને છેતરવાનું મારે કોઈ પ્રયોજન નથી. પરંતુ કાંઈક કારણ છે." રાજાએ પૂછયું, "શું કારણ છે ?" તે મને સત્વર કહે, "રાણીએ કહ્યું કે આજે નહીં પણ કાલે આપને જરૂર કહીશ માટે હમણાં મને જવા દો. આમ રાણીએ ઘણું સમજાવ્યા છતાં રાજાએ તેને પકડી રાખી અને સસ્નેહભર્યા લાગણીથી કહેવા લાગ્યો. 'હે ભદ્રે! કયો મૂર્ખ માણસ હાથ આવેલ ચિંતામણી રત્નને જતું કરે ? માટે હે પ્રિયે ! શંકા વગર કારણ જણાવ." આરામ શોભાએ કહ્યું કે હે પ્રાણેશ ! કારણ સાંભળી આપ પશ્ચાત્તાપ પામશો"

રાણીએ ઘણું સમજાવ્યા છતાં રાજાએ લીધી વાત મૂકી નહીં. છેવટે આરામ શોભાએ પોતની ઓરમાન માતાના ચરિત્રની વાત શરૂ કરી, આ વાત ચાલતી હતી તેવામાં સૂર્યોદય થયો કે તરત જ તેનો અંબોડો પણ છૂટી ગયો, તેને સરખી રીતે બાંધવા જાય છે તેવામાં મરેલો સર્પ ભોંય પર પડયો. આ જોઈ, હે પ્રિયે ! હે પિતા ! આ નિર્ભાગ્ય બાળાને શા માટે શા સારું ત્યજી ? આમ વિલાપ કરતી વજ્રઘાતની માફક રાણી તત્કાળ મૂર્છા પામી પૃથ્વી પર પડી. શીતળ વાયુ, વારિના ઉપચારથી સચેતન થયેલી રાણીને રાજાએ પૂછયુ, "હે પ્રિયે ? તું શા માટે ખેદ કરે છે ?" રાજાના પૂછવાથી આરામ શોભાએ અથથી ઇતિ સુધીની નાગકુમાર વિગેની સર્વ હકીકત સંભળાવી. તે સાંભળી રાજાએ દુઃખ અને સુખનો અનુભવ કર્યો. પછી ક્રોધથી છંછેડાયેલો જિતશત્રુ રાજાએ કૃત્રિમ રાણી પાસે આવીને તેને દોરડાથી બાંધીને ચામડાના ચાબુકનો ચમત્કાર ચખાડવાની તૈયારી કરી. તેટલામા અસલ આરામશોભા આવી રાજાના પગમાં પડીને કહેવા લાગી, "હે દીનાનાથ મારું એક વચન માનો. મારી ભગિનીને કૃપા કરી મુક્ત કરો." ત્યારે ન્યાયનિપુણ રાજાએ કહ્યુ, "હે દેવી ! તારું વચન ઉલંઘવાને હું અસમર્થ હોવાથી આને છોડી મુકું છું, નહીં તો આ તારી માયાજાળ જેવી બ્હેનના બન્ને હાથ કાપી ફેંકી દેવાને લાયક છે." ત્યાર પછી રાજાએ સુભટોને હુકમ કર્યો, "સ્થળાશ્રય–નગરમાં જલદી જાવ પેલા કુબુદ્ધિ બ્રાહ્મણને કેદ કરી તેની સ્ત્રીના નાક કાન વિગેરે કાપી દેશ પાર કરો." રાજાની આજ્ઞા સાંભળી તેઓ તૈયાર થયા. આરામ શોભાને આથી દયા આવીને તે કહેવા લાગી, "હે પ્રભો ! ગમે તેમ હોય પણ તે મારી માતા છે માટે આપ માફ કરો, કૂહાડાથી કપાતું ચંદનવૃક્ષ કૂહાડાના મુખને સુગંધિત કરે છે તેવી રીતે સજ્જન પુરૂષો ગમે તેવી સ્થિતિમાં મૂકાયા હોવા છતાં પોતાની સજ્જનતાને છોડતા નથી. પછી રાજાના કહેવાથી અનુચરો પાછા વળ્યા.

ત્યારબાદ તેઓએ કેટલોક કાળ અતિ ગાઢ સ્નેહથી વિષય સુખ ભોગવતાં સુખમાં પસાર કર્યો.

એક દિવસ રાણીએ રાજાને કહ્યું, "હે દેવ ! જો કોઈ જ્ઞાની ભગવંત મારા પુણ્ય પ્રતાપે પધારે તો બહુ સારું થાય." નૃપતિએ પૂછયું, "કેમ ? કંઈ શંશય છે ?" આરામ શોભા બોલી, "હે સ્વામિન્ ? હું પૂર્વે બહુ દુઃખી હતી, અને પછી ખૂબ સુખી થઇ. પાછી વળી દુઃખી શા માટે થઈ અને કયા કારણથી મને ફરી સુખ સાંપડયું ? આ મને મોટો શંશય છે. તેથી મહાન જ્ઞાની ગુરૂ આવી ચડે તો મારાં પૂર્વોપાર્જિત કર્મો પૂછુ" એ સાંભળી રાજા બોલ્યો, "હે પ્રિયે ! જો ખરે ખર જ્ઞાની પુરૂષ આપણા ગામમાં પધારે તો આપણે કૃતાર્થ થઈએ" આ પ્રમાણે બન્ને આત્માઓ વિચરે છે તેવામાં અતિ આનંદને સુખ ઉપજાવનારાં વચન સંભળાયા, "હે સ્વામિન્ ! નંદનવન નામના ઉદ્યાનમાં અનેક મનુષ્યો ને વિદ્યાધરોથી પૂજાતા ૫૦૦ મુનિઓના પરિવારવાળાં જેમનો મહિમા દશેદિશામાં ફેલાયેલો છે એવા



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વિરભદ્ર નામના આચાર્યભગવંત વિરાજમાન છે” આ પ્રમાણે વનપાલકે વધામણી આપી તે સાંભળી વનપાલકને પ્રીતિદાન આપી સંતુષ્ટ કર્યો. ત્યારપછી રાજાએ રાણીને કહ્યું કે તારા મનની મુરાદો પાર પડી. પછી અંતઃપુર સહિત રાજા વંદન કરવા ઉદ્યાનમાં ગયો.

ત્રણ પ્રદક્ષિણા પૂર્વક પંચાંગ પ્રણિપાત કરી, ધર્મશ્રવણ કરવા બેઠા. ત્યારપછી ભવ્ય જીવોના પાપરૂપ અંધકારને નાશ કરવામાં સૂર્યસમાન શ્રી વીરભદ્રસૂરિજીએ આ પ્રમાણે ધર્મદેશના આપી.

હે ભવ્યજીવો ! ધર્મથી સુખસંપત્તિ, સૌભાગ્યતા, નિરોગતા, લાંબુ-આયુષ્ય, ઉચ્ચકુળમાં જન્મ, દિવ્યરૂપ, અનુપમ યૌવન સશક્ત શરીર, અને લોકોમાં કીર્તિ એ સઘળું આ લોકમાંજ પ્રાપ્ત થાય છે. વળી પરભવમાં સ્વર્ગ ને મોક્ષસુખની પ્રાપ્તિ પણ ધર્મથીજ થાય છે. માટે તમે ધર્મને આદર સહિત અનુસરો.” સૂરિજીની દેશના સાંભળ્યા પછી આરામ શોભા પટ્ટરાણીએ પૂછ્યું, “હે ભગવન્ ! મે પૂર્વ ભવમાં કેવા કર્મો કર્યાં હતાં, અને મારા મસ્તકે છત્રરૂપે ઉદ્યાન શા માટે રહેતું તે કહો.” સૂરિજીએ કહ્યું, હે નારિ હું તારો પૂર્વ ભવ કહું છું, માટે સ્વસ્થ ચિત્તે સાંભળ —

( ક્રમશઃ )




## પ્રગટ થઈ ચુકેલ છે

**શ્રી શ્રીપાળ મહારાજાનો રાસ** પ્રગટ થઈ ચુકેલ છે જેની મર્યાદિત પ્રતો હોવાથી તાત્કાલિક મંગાવી લેવા વિનંતી. મૂળ કીંમતે આપવાનો છે. તેની મૂળ કીંમત રૂપિયા વીસ રાખેલ છે; તો તાત્કાલિક મંગાવી લેવા વિનંતી.

卐

—: સ્થળ :—

**શ્રી જૈન આત્માનંદ સભા**

ઠે. ખારગેટ : **ભાવનગર** : ( સૌરાષ્ટ્ર )

**તા. ક. :** બહાર ગામના ગ્રાહકોને પોસ્ટેજ ખર્ચ સહીત રૂપીઆ ચોવીસ અને વીશ પૈસાનું મનીઓર્ડર કરવા વિનંતી.




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સારા રાજમાં રહેવાનું !

**પંન્યાસ પ્રવરશ્રી ભદ્રગુપ્તવિજયજી ગણીવર**

ચીનના તત્ત્વજ્ઞાની કન્ફ્યુશિયસ 'યૂ' રાજ્યના 'શી' પ્રાંતમાં ફરી રહ્યા હતા. એક જગ્યાએ કબરની પાસે એક સ્ત્રી કરૂણ વિલાપ કરી રહી હતી. કન્ફ્યુશિયસે પેલી સ્ત્રી પાસે આવીને ધીમેથી પૂછ્યું :

'શા માટે રડે છે બહેન? એવું તે કયું દુઃખ પડયું છે તેને?'

સ્ત્રીએ કહ્યુ, 'આ જગ્યા મારા માટે અપશુકનિવાળ છે. અહીં એક વાઘે મારા સસરાને ફાડી ખાધો....એજ વાઘે મારા પતિને પોતાના જડબામાં ભીંસી લીધો....અને....અને....હમણા મારા એકના એક દીકરાને પણ એ વાઘે....'

પેલી સ્ત્રી બોલતા બોલતા તો છાતીફાટ રડવા લાગી. કન્ફ્યુશિયસે દુઃખી સ્વરે કહ્યું :

'તો પછી તું આ જગ્યા છોડીને ચાલી કેમ નથી જતી....? બીજી જગ્યાએ ચાલી જાને!'

'ના....ના...બીજે કયાં જાઉં...! અહીંનો રાજા જુલ્મગાર નથી....અહીં લોકો સુખી છે.... નિર્ભય છે....અહીં શોષણ નથી.... બીજે તો....'

કન્ફ્યુશિયસે પોતાના શિષ્યો તરફ નજર ફેરવીને લાખ રૂપિયાની વાત કરી :

આ વાત તમારે બધાને યાદ રાખવા જેવી છે.... 'સુરાજ્ય હોય તો વાઘનો ત્રાસ પણ સહી શકાય છે'

**રાજ્યમાં જુલ્મ ના હોય...**

ગામમાં....નગરમાં....જુલ્મગારોનું શાસન ના હોય!

પરિવારમાં....સમાજમાં....અરાજકતા ના હોય! એવા સ્થાનોમાં રહેવું જોઇએ. સ્થાન નિરાકુળ અને નિરાપદ્ધ હોવું જરૂરી છે. જો આવું સ્થાન અને આવું વાતાવરણ મળી જાય તો બીજા બધા કષ્ટો સહી લેવાના! બીજી તકલીફો ખમી શકાય.... પણ સુરાજ્યને છોડવામાં બુદ્ધિમત્તા નથી! કદાચ સુરાજ્યમાં વધારે પૈસા કે ઢગલાબંધ દોલત ના મળે તો પણ સુરાજ્ય છોડીને બીજે ન જવાય.

જે લોકો આ વાત નથી જાણતા....એ લોકો ધન-લાલસામાં આકર્ષાઈને પૈસાના ઝાડ ઉગ્યા હોય એવા દેશોમાં જાય છે....જ્યાંના શાસકો જુલ્મખોર છે....શોષણખોર છે....એવા સરમુખત્યારીના શાસનવાળા દેશોમાં કેવળ પૈસા રળવા....જલ્દીથી પૈસાદાર થઈ જવા, જાણે જાદુની લાકડી ઘૂમે અને પૈસાના પહાડ ઉભા થઇ જાય, આવા દેશોમાં જાય છે. ધર્મ અને સંસ્કારોને સાચવવા માટે રાતા પાણીએ આંસૂ વહાવવા પડે છે. ધર્મપુરૂષાર્થ ત્યાં ફિક્કો પડી જાય શાંતિ અને પ્રસન્નતાથી જીવી પણ ન શકાય એવા દેશમાં! કારણ કે પૈસાના દબાણ હેઠળ જીવતો માણસ અશાંતિના હાથમાં વેચાઇ જાય છે!

સુરાજ્યના ફાયદા જ્યારે માણસ નથી સમજી શકતો....સુરાજ્યની વ્યવસ્થાને નથી જીરવી શકતો ત્યારે એ આધુનિકતાના અડાબીડ જંગલમાં જાણીબૂઝીને અટવાઈ જાય છે! હાથે કરીને આફતોને આમંત્રે છે! સુરાજ્યના લાભોને ગુમાવી બેસે છે. ધર્મપુરૂષાર્થની વાત બાજુએ રહી... સાંસારિક કહેવાતાં સુખો પણ એનાથી દૂર દૂર ઝાંઝવાના જળની જેમ માત્ર ઝળહળે છે. દુઃખ ત્રાસ અને વિડંબણાઓ વચ્ચે એનું જીવન ઝૂરવા માંડે છે!

(સ્નેહદીપ દ્વારા અનૂદિત)

For Private And Personal Use Only




(ગતાંકથી ચાલુ)

ધનવર્માનો પુત્ર ધનદેવ પોતાના પ્રાણ હોડમાં મુકીને દેવશર્મા અને જયસેનને બચાવ્યા, અઘોરી બાવાના પંજામાંથી છોડાવીને પોતાના ઘરે લઈ ગયો, ભાવથી ભોજન કરાવ્યું. અને બહુમાનથી વિદાય કર્યા.

પોતે કરેલા પરોપકાર પર લવલેશ માત્ર અભિમાન નથી. મારૂ કર્તવ્ય મેં બજાવ્યું છે. એ રીતે અંતરમાં ધનદેવને અપાર આનંદ છે.

જગતમાં કેટલીક વાતો સિદ્ધ છે: કે કૌતુક ભરી વાત પ્રગટ થયા વગર રહેતી નથી. જેમ કસ્તુરીની સુવાસને ઢાંકવાનો પ્રયત્ન કરવામાં આવે તો પણ તે ફેલાયા વગર રહેતી જ નથી. જેમ પણીમાં તેલનું ટીપું ફેલાય છે. તેમ ધનદેવ બીજા પર કરેલ ઉપકારની વાત ચોમેર પ્રસરી ગઈ. તે સાંભળીને કેટલાકે અનુમોદના કરી તો ઇર્ષા કરનારાઓએ પેટ ભરીને ઈર્ષા કરી. કંઇ હાથમાં ન આવ્યું તો એક વાત હાથમાં લઇને ઈર્ષા કરનારાઓ બોલ્યા, જોયું'ને....કમાવાની તેવડ નથી અને બાપની મિલ્કત ઉપર તાગડધીન્ના કરે છે. અને પૈસા પાણીની જેમ વેડફી નાંખે છે, આ વાત નગરલોકોમાં ચર્ચાવા લાગી. જગતનો નિયમ છે કે પ્રશંસા કરનારા તો વિરલા કોક જ હોય છે. બાકી નીંદા કરનારાને ગોતવા જવુ પડતું નથી. ધનદેવના હૈયામા નીંદા કરનારા પ્રત્યે જરા પણ દ્વેષ નથી. મહાન આત્માઓનું લક્ષણ હોય છે કે કરનારાઓ પાસે પણ પોતાના જીવન માટેની પ્રેરણા જ મેળવતા હોય છે

એક દિવસ પિતા ધનવર્મા પાસે હાથ જોડીને વિનય ગુણ આગળ ધરીને વિનવે છે. હે પિતાજી! હવે મારી ભાવના છે કે ધન કમાવા માટે પરદેશ જાઉ. આપ મને આજ્ઞા આપો! પિતાજીએ કહ્યુ બેટા આપણી મિલ્કત ક્યાં ઓછી છે?" પ્રભુએ આપણને ઘણું ઘણું આપ્યું છે સુખેથી તે ભોગવો. પણ તમે મારાથી દૂર જવાનું નામ ન લેશો બેટા! તું જઈશ તો મારૂં કોણ ધ્યાન રાખશે? ધનદેવે કહ્યું પિતાશ્રી પુત્ર બાળક હોય ત્યાં સુધી પિતાની મિલ્કતનો ભોગવટો કરે તે તો ઠીક છે. પણ મોટા થયા પછી પિતાની મિલ્કતનો ઉપયોગ કરે અને કોઇ વ્યાપાર-વ્યવસાય ન કરે તો સમાજ તેને નીંદે છે. અને ખરેખર મને પણ તે યોગ્ય લાગે છે, કે હવે હું મોટો થયો છું, મારે મારી જાત ઉપર ઉભા રહેતા શિખવું જોઇએ. ધનદેવની વાત સાંભળી, પણ કેવળપુત્ર પ્રત્યેના વાત્સલ્ય ખાતર જુદા પડવાનું દુઃખ સહન કરવા તૈયાર ન હતા. છેવટે કચવાતા હૈયે પુત્રની વાતને મૌન પણે સ્વીકારી.

શુભ મુહૂર્તે ધનદેવે ખુબ કરીયાણું લઇ મોટા સાર્થ સાથે કુશાગ્રપુર તરફ પ્રયાણ કર્યુ.

માર્ગ ઘણો વિકટ ભર્યો હતો. ચોર અને લુટારૂઓનો ભય પણ માથા પર ભમતો હતો. જો માર્ગ ભૂલાય તો ભુખ અને તરસને લીધે મોતને જ ભેટવું પડે તેવા વિકટ પંથે સાર્થ સાથે આગળ વધ્યાં. પણ ભાગ્યશાળી અને પરાક્રમી

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આત્માને કોઈ આંચ આવતી નથી, કસોટિ તો સુવર્ણની જ થાય છે. સિદ્ધિ મેળવનારાઓએ સહન તો કરવું જ પડે છે. એ વાતને ધનદેવ પરિપૂર્ણ રીતે જાણતા હતાં.

ધનદેવ અને તેનો સાર્થ આગળ વધતા એક ભયંકર અટવીમાં આવી પહોંચ્યાં. જાણે કોઇ અંધારી ગુફામાં આવ્યા હોય તેમ ભયાનક અંધકાર ભર્યો જંગલમાં આવી પડ્યાં સૂરજના કિરણો પણ રૂંધાતા હતાં. કારણ કે ઘટાટોપ વૃક્ષો, એકબીજા વૃક્ષોની સાથે ભેટીને જ રહ્યા હતા. પક્ષીઓનો અવાજ સંભળાતો હતો પણ પક્ષીઓ કયાંથી બોલે છે તે પણ દેખાતુ ન હતું. વૃક્ષોની ડાળીઓ ઉપરથી વાંદરાઓ કુદકા મારતા હતાં. તેમના કુદકાઓ અને ચિચીયારીએ ભયમાં વૃદ્ધિ પમાડતા હતા. ઝાડની આજુબાજુની ડાળીઓ પર નાગ અને સર્પો દોરડાની જેમ લટકતા હતાં દૂરદૂર હિંસક જીવોની ત્રાડ સંભળાતી હતી. ભેંકાર ભર્યું વાતાવરણ દીલને થડકાવે તેવું હતું. છતાં ધનદેવ આગળ અને પાછળ સાર્થ ધીમે ધીમે આગળ વધતો હતો. વિકટ માર્ગમાં થોડું આગળ વધ્યાં ત્યાં તો તન અને મન થાકી ગયાં હોય તેમ સાથેના લોકો તો ધનદેવને આગળ વધતા રોકવા લાગ્યાં. અને ક્ષુધા પિપાસા શાંત કરવા ભોજન માટે વિનવવા લાગ્યાં.

ધનદેવે થોડે દૂર દૃષ્ટિ કરીને જ્યાં ઉપદ્રવ ના હોય તે સ્થાન પસંદ કરી ત્યાં પડાવ નાખવા સૂચન કર્યું. અને લોકો તંબુ તાણીને ત્યાં ભોજનની તૈયારીઓ કરવા લાગ્યાં. થોડા સમયમાં ભોજનની સામગ્રી તૈયાર થઈ જમવા માટે ભાણાઓ મંડાયાં. સહુ ભોજન કરવા બેઠા પણ "આદ્યકવળે મક્ષિકા" જેમ જ્યાં ખાવાની તૈયારી કરતા હતાં ત્યાં જ ભીલડાઓનું ટોળુ બરછી, ભાલા તીરકાંમઠા લઈ આવી ચઢયાં. ભયાનક જંગલની શ્યામતામાં ભીલોની શ્યામતા અને વિકરાળતાએ ભોજન પણ ઝેર જેવું બનાવી દીધુ. પણ પરાક્રમી ધનદેવ જરા પણ વિચાર કર્યા વગર વસુનંદક ખડક લઈને ભીલના ટોળા પર કુદી પડયો સિંહ જેમ બકરાના ટોળા પર કુદે તેમ ધનદેવ ભીલો પર એકલે હાથે ઝઝૂમવા લાગ્યો અને કેટલાક ભીલો તો ધનદેવના હાથે ઘાયલ થતા જમીન પર ઢળી પડયાં તેને જોઇને કેટલાક ભીલો નાશી ગયા. પરાક્રમી ધનદેવનું પરાક્રમ જોઈ ભીલનો સરદાર સ્તબ્ધ બની ગયો, તેણે હુકમ કર્યો, લડાઇ બંધ કરો.... અને ક્ષણમાંજ ભીલો સરદાર પાસે આવીને ઉભા રહ્યાં, ભીલના સરદાર ધનદેવ પાસે આવી પીઠ થાબડીને તેની સાહસિકતાની પ્રશંસા કરવા લાગ્યો.

(ક્રમશઃ)

## થાવચ્ચા કુમાર

થાવચ્ચા નામના એક 'પ્રિયધર્મી' શેઠાણી દ્વારિકામાં રહેતા હતા તેમને એકનો એક લાડકવાયો પુત્ર. સદ્ગુણી અને મહાતેજસ્વી શરીરવાળો, વાણીમાં મધ ઝરે, પુણ્ય પ્રભાવે અનેક કન્યા સાથે લગ્ન થયા. સંસારના સુખમાં આસક્તિ વધી. ધર્મ વિશે કશી ચિંતા જ નહિ. પણ અંતઃકરણ પવિત્ર.

એકદા પુણ્યોદયે શ્રી તીર્થંકર ભગવાનની વાણી સાંભળવાનું સૌભાગ્ય સાંપડયું. કોરા ઘડા સમાન હોવાથી, જ્ઞાન ગર્ભિત વૈરાગ્ય થયો. માતા પાસે દીક્ષા લેવા રજા માંગી. માતાને વજ્રાઘાત લાગ્યો. માતાએ ખૂબ સમજાવ્યો પણ વ્યર્થ. શ્રી કૃષ્ણ મહારાજાને બોલાવ્યા. થાવચ્ચા કુમારે તેમને કહ્યુ, "આપ મને ત્રણ શત્રુઓથી બચાવો તો સંયમનો આગ્રહ છોડું. એ ત્રણ શત્રુઓ છે-જન્મ, જરા અને મરણ." શ્રી કૃષ્ણે કહ્યું, "તે બાબતમાં હું અશક્ત છું. હવે તું ખુશીથી ત્રણ શત્રુ રૂપી આગને ત્રિ રત્નરૂપી જળથી શાંત કર. સ્વ-પરનું કલ્યાણ કર."



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


## —: અમૂલ્ય પ્રકાશન :—

અનેક વરસોની મહેનત અને સંશોધનપૂર્વક પરમપૂજ્ય વિદ્વાન
મુનિરાજશ્રી જંબુવિજયજી મહારાજના
વરદ્દહસ્તે સંપાદિત થયેલ અજોડ અને અમૂલ્ય ગ્રંથ

# 'દ્વાદસારં નયચક્રમ્ પ્રથમ અને દ્વિતીય ભાગ'

આ અમૂલ્ય ગ્રંથ જેમાં નયોનું અદ્ભુત વર્ણન છે તે દરેક સાધુ મુનિરાજો તથા સાધ્વીજી મહારાજ માટે અતિ ઉપયોગી ગ્રંથ છે. દરેક ગૃહસ્થોએ અને સમાજની દરેક લાયબ્રેરી માટે વસાવવા જોઈએ.

આ ગ્રંથ માટે પરમપૂજ્ય આચાર્યશ્રી વિજયધર્મસૂરીશ્વરજી મહારાજ જણાવે છે કે—

ભાવનગર શ્રી જૈન આત્માનંદ સભાએ આ પુસ્તકનું પ્રકાશન કર્યું તે એક મોટા ગૌરવની વાત છે, જે વિદ્વાન મુનિ મહારાજો, સાધ્વીજી મહારાજો, તથા શ્રાવકો તેમજ શ્રાવિકાઓને જૈન દર્શનના અભ્યાસ માટે ખૂબ જ ઉપયોગી નીવડશે.

ભારતભરમાં અનેક જૈન સંસ્થાઓ છે. તેઓએ પ્રગટ કરેલા પુસ્તકોમાં આ 'દ્વાદશારં નયચક્રમ્'ને શ્રેષ્ઠ સ્થાને મૂકી શકાય તેમ છે. તે માટે શ્રી જૈન આત્માનંદ સભાને ધન્યવાદ ઘટે છે.

(કીંમત રૂા. ૪૦-૦૦ પોસ્ટ ખર્ચ અલગ)

બહાર પડી ચુકેલ છે **જિનદત્તકથાનકમ્** (અમારૂં નવું પ્રકાશન)

પ્રસ્તુત જિનદત્તકથાનક સંસ્કૃત ભાષાના અભ્યાસીઓ માટે ખાસ ઉપયોગી એવો કથાગ્રંથ છે.

સ્વ. પૂજ્યપાદ આગમપ્રભાકર શ્રુત-શિલવારિધિ શ્રી પુણ્યવિજયજી મહારાજની ઇચ્છાનુસાર આ ગ્રંથ પ્રકાશન કરવામાં સફળ થતા ખુબ આનંદ અને સંતોષ અનુભવાય છે.

અમારી વિનંતિને ધ્યાનમાં લઈને પરમ પૂજ્ય સાધ્વીજી મહારાજશ્રી ૐકારશ્રીજી મહારાજે આ ગ્રંથનું સંપાદન-સંશોધનનું કાર્ય કરી આપવાની કૃપા કરી છે

આ કથાનકનો ગુજરાતી ભાષામાં પણ સંક્ષિપ્ત સાર આપવામાં આવ્યો છે. આ ગ્રંથ દરેક લાયબ્રેરીમાં વસાવવા યોગ્ય છે.

કિંમત રૂા. ૮-૦૦ (પોસ્ટ ખર્ચ અલગ)

લખો— **શ્રી જૈન આત્માનંદ સભા :** ખારગેટ, ભાવનગર.


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




# દરેક લાઈબ્રેરી તથા ઘરમાં વસાવવા જેવા અલભ્ય ગ્રંથો

| સંસ્કૃત ગ્રંથો | કીંમત |
|---|---|
| ત્રીશષ્ટિ શલાકાપુરુષ ચરિતમ્ મહાકાવ્યમ્ ૨-પૂર્વ ૩-૪ પુસ્તકાકારે ( મૂળ સંસ્કૃત ) | ૨૦-૦૦ |
| ત્રીશષ્ટિ શલાકા પુરુષચરિતમ્ મહાકાવ્યમ્ પર્વ ૨-૩-૪ પ્રતાકારે ( મૂળ સંસ્કૃત ) | ૨૦-૦૦ |
| દ્વાદશારં નયચક્રમ્ ભાગ ૧લો | ૪૦-૦૦ |
| દ્વાદશારં નયચક્રમ્ ભાગ ૨જો | ૪૦-૦૦ |
| શ્રી નિર્વાણ કેવલી ભક્તિ પ્રકરણ-મૂળ | ૧૦-૦૦ |
| નવસ્મરણાદિ સ્તોત્ર સંન્દોહઃ | ૨-૦૦ |
| શ્રી સાધુ-સાધ્વી યોગ્ય આવશ્યક ક્રિયાસૂત્ર પ્રતાકારે | ૫-૦૦ |
| પ્રાકૃત વ્યાકરણમ્ | ૨-૦૦ |
| શ્રી વીતરાગ મહાદેવ સ્તોત્રમ્ | ૧-૦૦ |
| આદર્શોપાધ્યાય | ૫-૦૦ |
| પ્રાકૃત વ્યાકરણમ્ | ૨૫-૦૦ |

| ગુજરાતી ગ્રંથો | કીંમત |
|---|---|
| શ્રી સુમતિનાથ ચરિત્ર ભાગ-૧ | ૧૫-૦૦ |
| શ્રી સુમતિનાથ ચરિત્ર ભાગ-૨ | ૩૫-૦૦ |
| શ્રી શ્રીપાળરાજાનો રાસ | ૨૦-૦૦ |
| શ્રી જાણ્યું અને જોયું | ૩-૦૦ |
| શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર ભાગ:૨ જો | ૮-૦૦ |
| શ્રી કાવ્યસુધાકર | ૮-૦૦ |
| શ્રી કથારત્ન કોષ ભાગ ૧લો | ૧૪-૦૦ |
| શ્રી આત્મકાન્તિ પ્રકાશ | ૩-૦૦ |
| શ્રી જ્ઞાનપ્રદીપ ભાગ ૧-૨-૩ સાથે લે.સ્વ. પૂ. આ. શ્રી વિ. કસ્તુરસૂરીશ્વરજી | ૨૦-૦૦ |
| ધર્મ કૌશલ્ય | ૩-૦૦ |
| નમસ્કાર મહામંત્ર | ૩-૦૦ |
| ચાર સાધન | ૩-૦૦ |
| પૂ. આગમ પ્રભાકર પુણ્યવિજ્યજી શ્રદ્ધાંજલિ વિશેષાંક : પાકુ બાઇન્ડીંગ | ૮-૦૦ |
| ધર્મબિન્દુ ગ્રંથ | ૧૦-૦૦ |
| સૂક્ત રત્નાવલી | ૦-૫૦ |
| સૂક્ત મુક્તાવલી | ૦-૫૦ |
| જૈન દર્શન મીમાંસા | ૩-૦૦ |
| શ્રી શત્રુંજય ગિરિરાજ દર્શન | ૬-૦૦ |
| શ્રી શત્રુંજય તીર્થનો પંદરમો ઉદ્ધાર | ૧-૦૦ |
| આર્હત્ ધર્મપ્રકાશ | ૧-૦૦ |
| આત્માનંદ ચોવીશી | ૧-૦૦ |
| બ્રહ્મચર્ય ચારિત્ર પૂજાદિત્રયી સંગ્રહ | ૩-૦૦ |
| આત્મવલ્લભ પૂજા | ૧૦-૦૦ |
| ચૌદ રાજલોક પૂજા | ૧-૦૦ |
| આત્મવિશુદ્ધિ | ૩-૦૦ |
| નવપદજીની પૂજા | ૩-૦૦ |
| આચારોપદેશ | ૩-૦૦ |
| ગુરુભક્તિ ગહુંલી સંગ્રહ | ૨-૦૦ |
| ભક્તિ ભાવના | ૧-૦૦ |
| હું ને મારી બા | ૫-૦૦ |
| જૈન શારદા પૂજનવિધિ | ૦-૫૦ |

લખો :- **શ્રી જૈન આત્માનંદ સભા** ખારગેઇટ, ભાવનગર (સૌરાષ્ટ્ર)

પોસ્ટેજ અલગ


તંત્રી : શ્રી પોપટભાઇ રવજીભાઇ સલોત શ્રી આત્માનંદ પ્રકાશ તંત્રી મંડળ વતી

પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર.

મુદ્રક : શેઠ હેમેન્દ્ર હરિલાલ આનંદ પ્રી પ્રેસ, સુતારવાડ, ભાવનગર.

For Private And Personal Use Only